# સુરતના ચોથા અધિક જિલ્લા અને સત્ર ન્યાયાધીશશ્રીની કોર્ટમાં.

ફોજદારી પરચુરણ અરજી નં.૧૫૨૯/૨૦૨૬.
આંક-......

અરજદાર/આરોપીઃ નિતુકુમાર હરપાલસીંગ ચૌધરી
ઉં.આ. ૩૦ વર્ષ, ધંધોઃ નોકરી-ડ્રાઈવર,
રહેવાસી-ઘર નં.૯૫, વોર્ડ નં.૬, મોરકા ગામ,
તા.શિવાણી, થાના : ઝુમ્ફા, જી.ભીવાણી, હરીયાણા.
હાલ -મધ્યસ્થ જિલ્લા જેલ, લાજપોર, સુરત.

**- વિરુદ્ધ -**

સામાવાળાઃ શ્રી સરકાર.

***બાબતઃ બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવાની અરજી.***

હાજર રહ્યા-
અરજદાર/આરોપી તરફે વિ.વકીલ શ્રી જી.એમ.શાહ.
સામાવાળા તરફે વિ.પી.પી.શ્રી વી.એન.મોદી.

## - JUDGMENT -

૧. હાલના કામની અરજદાર/આરોપીની અરજીની ટૂંકમાં વિગત એવી છે કે, અરજદાર/આરોપી સામે કોસંબા પોલીસ સ્ટેશન પાર્ટ-"સી" ગુના રજી. નં.૧૧૨૧૪૦૨૨૧૨૬૦૨૩૬/૨૦૨૬ થી પ્રોહી એકટની કલમ-૬૫(ઈ), ૮૧,૯૮(૨), ૧૧૬(૨) મુજબનો ગુનો નોંધાયેલ અને તે ગુનાના કામે તેઓની તા.૧૯/૦૨/૨૦૨૬ ના રોજ અટક કરવામાં આવેલ છે અને તા.૨૦/૦૨/૨૦૨૬ સુધીના રીમાન્ડ મંજુર કરવામાં આવેલ. ત્યારબાદ તેઓએ જામીન અરજી વિ.ટ્રા. કોર્ટમાં કરતા તે નામંજુર કરવામાં આવેલ અને ત્યારથી તેઓ જયુડી. કસ્ટડીમાં છે. જે કામે બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૩ અન્વયે જામીન ઉપર મુકત થવા હાલની અરજી દાખલ કરેલ છે.

૨. આ કામે સામાવાળાને નોટિસ કરતા સામાવાળા તરફે વિ.પી.પી.શ્રી હાજર થયેલ છે અને સદર કામના તપાસ કરનાર અમલદારે આંક–.... થી સોગંદનામું રજૂ કરેલ છે.

૩. અરજદાર/આરોપીના વિ.વ.શ્રીએ રજૂઆત કરતાં જણાવેલ છે કે, હાલના અરજદાર/આરોપી નિદોર્ષ છે અને તેઓ સીધે કે આડકતરી રીતે ગુનામાં સંડોવાયેલા નથી અને શંકાના આધારે તેઓની અટક કરવામાં આવેલ છે. તેઓની સામે કોઇ પ્રથમ દર્શનીય કેસ નથી. તેઓ કોઇ ગુનાહિત ઇતિહાસ ધરાવતા નથી.

વધુમાં અરજદાર/આરોપીનાં વિ.વ.શ્રીએ એવી રજુઆત કરેલ છે કે, કોસંબા પોલીસનાઓ એકસપ્રેસ વે ઉપર પેટ્રોલીંગમાં હતા ત્યારે વાહન ચેકીંગ કરતા હતા અને અરજદાર/આરોપીને ટ્રક સાઇડમાં કરવાનું જણાવી અરજદાર/આરોપીએ પુરઝડપે અને ગફલતભરી રીતે ટ્રક હંકારેલ છે તેમ જણાવી ગુનો નોંધવા પો.સ્ટે. આવવુ પડશે તેમ જણાવી જબજસ્તી કોસંબા પો.સ્ટે.લઇ ગયેલ અને ત્યાં ટ્રકમાં મુદામાલ દારૂ ભરેલ હોય તે બાબતનો ખોટો ગુનો નોંધી ખોટી રીતે અટક કરવામાં આવેલ છે. અરજદાર/આરોપી પાસેથી કોઇ મુદામાલ કબજે કરવામાં આવેલ નથી તેમજ કબજે કરવામાં આવેલ મુદામાલ સાથે તેઓને કોઇ લેવાદેવા નથી. તેમજ તેઓની સામે આજીવન કેદ કે મૃત્યુદંડની સજાને પાત્ર ગુનાનો કેસ નથી.

વધુમાં તેઓએ એવી પણ રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપી તેમના પરીવાર સાથે રહે છે અને તેમના પરીવારનું ગુજરાન ચલાવે છે. તેમજ તેઓને જામીન ઉપર મુકત કરવામાં આવે તો ફરીયાદપક્ષના કેસને કોઇ નુકસાન થાય તેમ નથી તેમજ ફરીયાદી સહિત મોટા ભાગના સાહેદો પોલીસ સ્ટાફના માણસો છે જેથી પુરાવા સાથે ચેડા કરવાનો કોઇ પ્રશ્ન નથી. નામદાર કોર્ટ જે શરતો ફરમાવશે તે તમામનું પાલન કરવા તેઓ તૈયાર છે તે તમામ સઘળી વિગતો ધ્યાને લઇ તેઓને જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે.

૪. સરકારશ્રી તરફે વિ.પી.પી.શ્રીએ અરજદાર/આરોપીની જામીન અરજી નો વિરોધ કરતાં જણાવેલ છે કે, અરજદાર/આરોપી પાસેથી કુલ નંગ-૧૫૬૭૨, કિં.રૂા.૩૯,૧૮,૦૦૦/-નો ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો મળી આવેલ છે. સદર ગુનાની તપાસ ચાલુ છે. તેમજ અન્ય આરોપીને સદર ગુનામાં અટક કરવાનો હોય અરજદાર/ આરોપીની જરૂરીયાત છે તેમજ આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો તેને કાયદાનો ડર રહેશે નહિં તેમજ આવા જ પ્રકારના ગુનાઓ ફરીવાર કરશે તેમ જણાય આવે છે જેથી ઉપરોકત સઘળી વિગતો ધ્યાને લઇ આરોપીની જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

૫. અરજદાર/આરોપીની અરજી, બન્ને પક્ષો તરફે વિ.વ.શ્રીઓની રજૂઆતો તથા તપાસ કરનાર અમલદાર દ્વારા રજૂ આંક-..... વાળું સોગંદનામું ધ્યાને લીધુ. હાલના અરજદાર/આરોપી સામે કોસંબા પોલીસ સ્ટેશન પાર્ટ-"સી" ગુના રજી. નં.૧૧૨૧૪૦૨૨૧૨૬૦ ૨૩૬/૨૦૨૬ થી પ્રોહી એકટની કલમ-૬૫(ઇ), ૮૧,૯૮(૨), ૧૧૬(૨) મુજબનો ગુનો નોંધાયેલ છે. જે ગુનાની એફ.આઇ.આર. જોતા હાલના કામના સદર પ્રતિબંધિત મુદામાલ વિદેશી દારૂ બીયર ટીન નંગ-૧૫,૬૭૨/-, રૂા.૩૯,૧૮,૦૦૦/- નો ટ્રકમાંથી મળી આવેલાનું ફરીયાદમાં જણાવેલ છે. તેમજ હાલના આરોપી પાસેથી સભાન અવસ્થામાં પ્રતિબંધિત મુદામાલ મળી આવેલ હોય તેવી હકીકત જણાય આવે છે.

તેમજ હાલના તપાસ કર્તા અમલદારે રજુ કરેલ તેમના સોગંદનામામાં જણાવેલ છે કે, હાલના ગુનાની તપાસ ચાલુ છે અને અન્ય આરોપીઓ પકડવાના બાકી છે તેમજ હાલના આરોપીએ અન્ય આરોપીઓ સાથે મોબાઇલ ઉપર વાતચીત કરેલ હોવાની અને તેના સીડીઆર પણ રજુ કરેલ છે તે જોતાં આરોપીની હાલના ગુનામાં સંડોવણી હોવાની હકીકત જણાય આવે છે જેથી અરજદાર/આરોપી

પુરાવા સાથે ચેડા કરે તેમ હોય તેવુ જણાય આવે છે. તેમજ અરજદાર/આરોપી અન્ય રાજયના હોય નાસીભાગી જાય તેવી શકયતા નકારી શકાય તેમ નથી તેવી વિ.પીપીશ્રીની દલીલો ગ્રાહય રાખવા યોગ્ય જણાય છે. વધુમાં, પોલીસ પેપર્સ અને તપાસ કર્તા અમલદારના સોગંદનામાની વિગતોને ધ્યાને લેતા અરજદાર/આરોપી સામે ગુનાની તપાસ ચાલુ હોવાનું જણાવેલ છે. વધુમા અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવેથી ફરીયાદ પક્ષના પુરાવાઓ સાથે ચેડા થવાની શકયતાઓ હોય તથા ગુનાની ગંભીરતા અને સજાકીય જોગવાઇઓ અને પુરાવાનો નાશ કરે તેવી શકયતા જોતા ફરીયાદપક્ષની રજુઆત ગ્રાહ્ય રાખવા પાત્ર જણાય આવે છે.

આથી, ઉપરોકત તમામ બાબતોને ધ્યાને લેતાં અરજદારને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૪૮૩ હેઠળ જામીન ઉપર હાલના તબકકે મુકત કરવા યોગ્ય, વ્યાજબી અને ન્યાયી જણાય આવતું ન હોય, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– હુકમ –**

આથી, આ ફોજદારી પરચુરણ અરજી નં.૧૫૨૯/૨૦૨૬ **નામંજૂર** કરવામાં આવે છે.

ઉપરોકત હુકમની જાણ કરતી યાદી સંબંધિત પોલીસ સ્ટેશનને હુકમની અમલવારી માટે મોકલી આપવા.

હુકમ આજ તારીખઃ ૧૦ **મી**' માહે-**માર્ચ,** સને-**૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

Place: Surat.

(Jayeshkumar Laxmanbhai Shrimali)
4th Addl. Sessions Judge, Surat.
(UID No.GJ00672)